# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

સત્યમેવ જયતે

કિચન બ્લોક, જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, પાલનપુર જિ-બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

ફોન નંબર : 02742 257055 E-mail Id : bnsdeo@gmail.com


ક્રમાંક:અનદ-મકમ/પુરાપગાર/૨૦૨૫/૨૯૫૦૭-૦૯ તારીખ :- ૦૯/૧૨/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત મા.અને ઉ.મા.શાળાઓ,

તમામ, જિલ્લો-બનાસકાંઠા અને વાવ-થરાદ.

વિષય :- પુરા પગારમાં સમાવવા બાબતની દરખાસ્ત રજુ કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેની કચેરી હેઠળની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાતે ફીક્સ પગારમાં નિમણૂંક પામેલ શિક્ષણ સહાયકોને ફિક્સ પગારમાં પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ કર્યેથી પુરા પગારમાં સમાવવાના થાય છે. જે અંગેની દરખાસ્ત સંબંધિત શાળાઓ દ્વારા અત્રેની કચેરી ખાતે રજુ કરવામાં આવે છે.

અનુભવે જણાયેલ છે કે વિવિધ શાળાઓ દ્વારા અલગ-અલગ નમૂનામાં દરખાસ્ત રજુ કરવામાં આવે છે જેથી રજુ કરવામાં આવતી દરખાસ્તોમાં એકસુત્રતા જળવાઇ રહે તે હેતુથી અત્રેની કચેરી ખાતે રજુ કરવામાં આવતી પુરા પગારમાં સમાવવા બાબતની દરખાસ્તના નમૂના આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

સદર નમૂના ધ્યાને લેવા તેમજ હવે પછી કચેરીમાં રજુ કરવાની થતી દરખાસ્તો આ નમૂનામાં જ રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

નોંધ : (૧) નાણા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:પશન/૧૦૨૦૧૪/એમ-૧/પી(પેન્શન સેલ), તા.૨૪/૦૯/૨૦૨૨ ના ફકરા (૨) ની વિગત મુજબ ફિક્સ પગારે નિમણૂંક પામેલ મહિલા સરકારી કર્મચારીને નોકરીમાં જોડાયા બાદથી માતૃત્વ રજાઓ મંજૂર કરવાથી રજાના સમય દરમિયાન તેણીની કામગીરીનું મૂલ્યાંકન થઇ શકતું ન હોવાથી, સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ આવા મહિલા સરકારી કર્મચારીના કરારીય સમયગાળાનું મૂલ્યાંકન કરતી વખતે તેણીએ ભોગવેલ માતૃત્વ રજા જેટલા સમયને કરારીય સમયગાળામાં ઉમેરીને કામગીરી મૂલ્યાંકન પૂર્ણ કરવાનું રહેશે પરંતુ કરારીય સેવા સંતોષકારક રીતે પૂર્ણ થયેથી માતૃત્વ રજાનો સમયગાળો ધ્યાને લીધા સિવાય નિયમિત નિમણૂકના આદેશો કરવાના રહેશે.

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:બમશ/૧૦૧૩/૧૭૪/ગ, તા.૨૦/૧૦/૨૦૨૨ થી ઉપરોક્ત ઠરાવની જોગવાઇઓ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં લાગું પાડવામાં આવેલ છે.

(૩) ઉપરોક્ત વિગતો અનુસાર આપની શાળા ખાતે ફરજ બજાવતાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીશ્રીઓ પૈકી જે મહિલા કર્મચારીશ્રીઓની માતૃત્વ રજાઓ મંજુર કરવામાં આવેલ હોય તેવા મહિલા

કર્મચારીશ્રીઓની માતૃત્વ રજા જેટલા સમયને કરારીય સમયગાળામાં ઉમેરીને કામગીરી મૂલ્યાંકન પૂર્ણ કર્યા બાદ પુરા પગારમાં સમાવવા બાબતની દરખાસ્ત રજુ કરવાની રહેશે. પરંતુ આનાથી તેઓને પુરા પગારમાં સમાવવા અંગેની પાત્રતા તારીખમાં કોઇ ફેરફાર કરવાનો રહેશે નહીં.

જિલ્લા શિક્ષણાધિકારી
પાલનપુર જિ-બનાસકાંઠા

બિડાણ :-

- પુરા પગારમાં સમાવવા બાબતની દરખાસ્તનો નમૂનો.

નકલ રવાના :-

- પ્રમુખશ્રી/મંત્રીશ્રી, સંબંધિત શાળા સંચાલક મંડળ, તમામ જિ-બનાસકાંઠા અને વાવ-થરાદ.

નકલ સવિનય રવાના :-

- મે.કમિશનર સાહેબશ્રી, કમિશનર શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

# ફીક્સ પગારમાં પાંચ વર્ષની નોકરી પૂર્ણ થતાં પુરા પગારમાં સમાવવા બાબતનું ચેક લિસ્ટ

શાળાનું નામ : ____________________

શાળા સંચાલક મંડળનું નામ : ____________________

કર્મચારીનું નામ : ____________________

હોદ્દો : શિક્ષણ સહાયક વિભાગ : માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક વિભાગ

નિમણૂંક તારીખ : ____/____/૨૦____ બિનપગારી રજાઓના કુલ દિવસો : __________

બિનપગારી રજાઓ બાદ કરતા ફીક્સ પગારમાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા તારીખ : ____/____/૨૦____

બિનપગારી રજાઓ બાદ કરતા પુરા પગારમાં સમાવવાની તારીખ : ____/____/૨૦____

બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ સમયે મળવાપાત્ર નિવૃતિ વિષયક લાભો માટે સળંગ ગણવાપાત્ર ફિક્સ પગારની નોકરીનો સમયગાળો : તા.____/____/૨૦____ થી તા.____/____/૨૦____

| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૦૧ | શાળાનો ફોરવર્ડીંગ લેટર | |
| ૦૨ | શાળા સંચાલક મંડળનો પુરા પગારમાં સમાવવા બાબતનો ઠરાવ | |
| ૦૩ | પુરા પગારમાં સમાવવા બાબતની કર્મચારીએ શાળાને કરેલ અરજી | |
| ૦૪ | કેન્દ્રિયકૃત ભરતી પ્રક્રિયામાં કરેલ ઓનલાઇન અરજીની પ્રમાણિત નકલ | |
| ૦૫ | જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા અપાયેલ ભલામણ પત્રની પ્રમાણિત નકલ | |
| ૦૬ | શાળા સંચાલક મંડળ દ્વારા અપાયેલ નિમણૂંક હુકમની પ્રમાણિત નકલ | |
| ૦૭ | કર્મચારી દ્વારા અપાયેલ હાજર રિપોર્ટની પ્રમાણિત નકલ | |
| ૦૮ | કાયમી બહાલીની પ્રમાણિત નકલ (ફક્ત લઘુમતિ શાળા માટે જ) | |
| ૦૯ | સદર કર્મચારીના ફીટનેશ સર્ટીફીકેટની પ્રમાણિત નકલ | |
| ૧૦ | ઇન સર્વિસ સીસીસી પરીક્ષા પાસ કર્યાના આધારોની પ્રમાણિત નકલ અથવા બાંહેધરી પત્રક | |
| ૧૧ | સીસીસી પરીક્ષાની માર્કશીટ / પ્રમાણપત્ર ખરાઇ કર્યા અંગેનું પ્રમાણપત્ર | |
| ૧૨ | હિન્દી વિષયની પરીક્ષા પાસ કર્યાના આધારોની પ્રમાણિત નકલ | |
| ૧૩ | હાલમાં મળતા ફીક્સ પગાર અંગેનું પ્રમાણપત્ર | |
| ૧૪ | પુરા પગારમાં સમાવતા મળવાપાત્ર પગાર ધોરણ અંગેનું પ્રમાણપત્ર | |
| ૧૫ | બિનપગારી રજાઓ અંગેનું પ્રમાણપત્ર | |
| ૧૬ | બિનપગારી રજાઓ ભોગવેલ હોય તો સેવાપોથીમાં કરેલ નોંધની પ્રમાણિત નકલ | |
| ૧૭ | માતૃત્વ રજાઓ અંગેનું પ્રમાણપત્ર | |
| ૧૮ | ખાતાકીય તપાસ કે શિક્ષાત્મક કાર્યવાહી ચાલું, સુચિત કે પડતર નથી તે અંગેનું પ્રમાણપત્ર | |
| ૧૯ | કોર્ટ કેસ કે ફોજદારી કાર્યવાહી ચાલું, સુચિત કે પડતર નથી તે અંગેનું પ્રમાણપત્ર | |
| ૨૦ | સળંગ નોકરીમાં બ્રેક ન પડ્યા અંગેનું પ્રમાણપત્ર | |
| ૨૧ | સદર કર્મચારી દ્વારા ભણાવવામાં આવતા વિષયોનું છેલ્લા પાંચ વર્ષના પરિણામ અંગેનું પ્રમાણપત્ર | |
| ૨૨ | શૈક્ષણિક લાયકાત અંગેના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ | |
| ૨૩ | તમામ પ્રમાણપત્રોની ખરાઇ કર્યા અંગેનું પ્રમાણપત્ર અને ખરાઇ કર્યા અંગેના આધારો | |
| ૨૪ | કામગીરી મુલ્યાંકન અહેવાલ (આચાર્યશ્રી અને મંડળની સંયુક્ત સહીવાળા) ની પ્રમાણિત નકલો (નિમણૂંક તારીખથી ફીક્સ પગારમાં પાંચ વર્ષ પૂર્ણ થયા તારીખ સુધીના) | |
| ૨૫ | કામગીરી મુલ્યાંકન અહેવાલ અંગેનું પ્રમાણપત્ર | |
| ૨૬ | અદ્યતન સેવાપોથીની પ્રમાણિત નકલ | |
| ૨૭ | અન્ય વિગતો | |

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :- આચાર્ય

શાળા સંચાલક મંડળના ફોરવર્ડિંગ લેટર ઉપર

---

# પુરા પગારમાં સમાવવા બાબતનો ઠરાવ (અસલ પરથી નકલ)

આજ તા.____/____/૨૦____ ના રોજ મંડળની મીંટીંગ ______________________________ ખાતે ____:___ કલાકે યોજવામાં આવેલ જેમા ઠરાવ બુકમાં સહી કરનાર તમામ સભ્યો હાજર હતાં.

અત્રેના મંડળ સંચાલિત ________________________________________ જે બિન સરકારી અનુદાનિત શાળા છે તેમાં _____________ વિભાગમાં શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી _______ ________________________ જેઓની નિમણૂંક તા.____/____/૨૦____ છે. તેઓએ પોતાની ફીક્સ પગારની સેવા દરમ્યાન કુલ-___________ દિવસની બિનપગારી રજાઓ ભોગવેલ છે. જેને બાદ કરતા તેઓએ તા.____/____/૨૦____ ના રોજ ફીક્સ પગારની નોકરીમાં પાંચ વર્ષ પૂર્ણ કરેલ છે. જેથી તેઓને નામ.સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર તા.____/____/૨૦____થી પુરા પગારમાં સમાવવાના થાય છે.

ઉપરોક્ત વિગતો તેમજ શાળાના આચાર્યશ્રી દ્વારા રજુ કરેલ દરખાસ્તના આધારે શાળાના ________ વિભાગમાં શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી _____________ ને તા.____/____/૨૦____ ના રોજ પગાર ધોરણ રૂા.______________________ (Pay Matrix Level-__) મૂળ પગાર રૂા.________/- થી પુરા પગારમાં નિમણૂંક આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તેમજ આ અંગેની બહાલી મેળવવા અંગેની આગળની કાર્યવાહી કરવાની સંપૂર્ણ સત્તા શાળાના આચાર્યશ્રીને આપવામાં આવે છે.

તારીખ :- ____/____/૨૦____

પ્રમુખ/મંત્રી

સ્થળ :-

# સીસીસી પરીક્ષા પાસ કરવા અંગેનું બાંહેધરી પત્રક

હું ______________________________ શિક્ષણ સહાયક તરીકે _______________
________________________________ શાળાના ___________ વિભાગમાં તા.____/____/૨૦____ થી ફરજ બજાવું છું.

આથી હું બાંહેધરી લખી આપુ છુ કે, મે નામ.સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર સીસીસી ની પરીક્ષા ઇન સર્વિસના સમયગાળા દરમ્યાન પાસ કરેલ ના હોઇ, હું મને પુરા પગારમાં સમાવવા અંગેની પાત્રતા તા.____/____/૨૦____ થી બે વર્ષ એટલે કે તા.____/____/૨૦____ સુધીમાં નિયમાનુસારની સીસીસી ની પરીક્ષા પાસ કરીશ. જો હું દર્શાવેલ તારીખ સુધીમાં આવી પરીક્ષા પાસ ના કરી શકું તો મારા વિરુધ્ધ જે પણ કાર્યવાહી કરવામાં આવશે તે મને બંધનકર્તા રહેશેં. તેમજ હું ભવિષ્યમાં આ બાબતે કોઇ વાંધો ઉઠાવીશ નહીં. જેની હું પોતાની સંપૂર્ણ સભાન અવસ્થામાં ખાત્રી આપું છું.

તારીખ :- ____/____/૨૦____ કર્મચારીની સહી : ______________________

સ્થળ :- કર્મચારીનું નામ : ______________________

મારી રૂબરૂ

આચાર્ય

# સીસીસી માર્કશીટ/પ્રમાણપત્ર ખરાઈ કર્યા અંગેનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ________________________ ________________ ખાતે શિક્ષણ સહાયક તરીકે ________________ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી ____________________________ એ તા.____/____/૨૦____ ના રોજ __________ ____________________________ યુનિવર્સિટી માંથી સીસીસી ની પરીક્ષા પાસ કરેલ છે. જેના પ્રમાણપત્ર/માર્કશીટની ખરાઈ અત્રેની સંસ્થા દ્વારા કરેલ છે.

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :-

______________

કર્મચારીની સહી

આચાર્ય

# ફીક્સ પગાર અંગેનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ____________________________ ____________________ ખાતે શિક્ષણ સહાયક તરીકે __________________ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી ________________ ને હાલમાં નામ.સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર રૂ.____________/- નો ફીક્સ પગાર ચુકવવામાં આવે છે. જેની રેકર્ડ આધારીત ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :-

આચાર્ય

# પુરા પગારમાં સમાવતા મળવાપાત્ર પગાર ધોરણ અંગેનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ____________________ ____________ ખાતે શિક્ષણ સહાયક તરીકે ____________ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી ______________________ ને હાલમાં રૂા. ________/- નો ફીક્સ પગાર ચુકવવામાં આવે છે. તેઓની ફીક્સ પગારમાં નિમણૂંક તા.____/____/૨૦____ છે. તેઓએ પોતાની ફીક્સ પગારની સેવા દરમ્યાન કુલ-________ દિવસની બિનપગારી રજાઓ ભોગવેલ છે. જેને બાદ કરતા તેઓએ તા.____/____/૨૦____ ના રોજ ફીક્સ પગારની નોકરીમાં પાંચ વર્ષ પૂર્ણ કરેલ છે. જેથી તેઓને નામ.સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર પુરા પગારમાં સમાવવા અંગેની પાત્રતા તા.____/____/૨૦____ ના રોજ પગાર ધોરણ રૂા.____________ (Pay Matrix Level-____) મૂળ પગાર રૂા.________/- થી પુરા પગારમાં નિમણૂંક આપવાની થાય છે. જેની રેકર્ડ આધારીત ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :- આચાર્ય

# <u>બિનપગારી રજાઓ અંગેનું પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ____________________ ____________________ ખાતે શિક્ષણ સહાયક તરીકે ____________________ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી ____________________ અત્રેની શાળા ખાતે સીધી ભરતીથી નિમણૂંક પામેલ છે. તેઓએ પોતાની નિમણૂંક તારીખથી આજદિન સુધી એક પણ બિનપગારી રજા ભોગવેલ/લીધેલ નથી. જેની રેકર્ડ આધારીત ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :-

____________________

કર્મચારીની સહી

આચાર્ય

# બિનપગારી રજાઓ અંગેનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ____________________ ____________________ ખાતે શિક્ષણ સહાયક તરીકે ____________________ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી ____________________ અત્રેની શાળા ખાતે સીધી ભરતીથી નિમણૂંક પામેલ છે. તેઓએ પોતાની નિમણૂંક તારીખથી આજદિન સુધીમાં નીચેની વિગતે બિનપગારી રજા ભોગવેલ છે. જેની રેકર્ડ આધારીત ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

| ક્રમ | બિનપગારી રજાઓનો સમયગાળો | કુલ દિવસ |
|---|---|---|
| ૦૧ | તા.____/____/૨૦____ થી તા.____/____/૨૦____ | |
| ૦૨ | તા.____/____/૨૦____ થી તા.____/____/૨૦____ | |
| ૦૩ | તા.____/____/૨૦____ થી તા.____/____/૨૦____ | |
| ૦૪ | તા.____/____/૨૦____ થી તા.____/____/૨૦____ | |
| ૦૫ | તા.____/____/૨૦____ થી તા.____/____/૨૦____ | |
| | કુલ દિવસ | |

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :-

____________________

કર્મચારીની સહી

આચાર્ય

# માતૃત્વ રજાઓ અંગેનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ______________________ ______________ ખાતે શિક્ષણ સહાયક તરીકે ______________ વિભાગમાં ફરજ બજાવતાં શ્રીમતી ______________________ અત્રેની શાળા ખાતે તા.____/____/૨૦____ ના રોજ સીધી ભરતીથી નિમણૂંક પામેલ છે. તેઓએ પોતાની નિમણૂંક તારીખથી આજદિન સુધીમાં એકપણ માતૃત્વ રજા ભોગવેલ નથી. જેની રેકર્ડ આધારીત ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :-

______________

કર્મચારીની સહી

આચાર્ય

# માતૃત્વ રજાઓ અંગેનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ____________________ ____________________ ખાતે શિક્ષણ સહાયક તરીકે ____________________ વિભાગમાં ફરજ બજાવતાં શ્રીમતી ____________________ અત્રેની શાળા ખાતે તા.____/____/૨૦____ ના રોજ સીધી ભરતીથી નિમણૂંક પામેલ છે. તેઓએ પોતાની નિમણૂંક તારીખથી આજદિન સુધીમાં નીચેની વિગતે માતૃત્વ રજા ભોગવેલ છે. જેની રેકર્ડ આધારીત ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

| ક્રમ | માતૃત્વ રજાઓનો પ્રકાર | માતૃત્વ રજાઓનો સમયગાળો | કુલ દિવસ |
|---|---|---|---|
| ૦૧ | પ્રથમ પ્રસુતિની માતૃત્વ રજા | તા.____/____/૨૦____ થી તા.____/____/૨૦____ | |
| ૦૨ | દ્વિતીય પ્રસુતિની માતૃત્વ રજા | તા.____/____/૨૦____ થી તા.____/____/૨૦____ | |
| | | કુલ દિવસ | |

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :-

કર્મચારીની સહી

આચાર્ય

# <u>ખાતાકીય તપાસ કે શિક્ષાત્મક કાર્યવાહી ચાલું, સુચિત કે પડતર નથી તે અંગેનું પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ______________________ ______________________ ખાતે શિક્ષણ સહાયક તરીકે ______________ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી ______________________ ની સામે કોઇ પણ પ્રકારની ખાતાકીય તપાસ કે શિક્ષાત્મક કાર્યવાહી ચાલું, સુચિત કે પડતર નથી. જેની રેકર્ડ આધારીત ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :-

______________

કર્મચારીની સહી

આચાર્ય

# કોર્ટ કેસ કે ફોજદારી કાર્યવાહી ચાલું, સુચિત કે પડતર નથી તે અંગેનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ____________________ ____________________ ખાતે શિક્ષણ સહાયક તરીકે ____________________ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી ______________________________ ની સામે કોઇ પણ પ્રકારનો કોર્ટ કેસ કે ફોજદારી કાર્યવાહી ચાલું, સુચિત કે પડતર નથી. જેની રેકર્ડ આધારીત ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :-

____________________

કર્મચારીની સહી

આચાર્ય

# સળંગ નોકરીમાં બ્રેક ન પડ્યા અંગેનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ______________________ ______________________ ખાતે શિક્ષણ સહાયક તરીકે ______________ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી ______________________ અત્રેની શાળા ખાતે સીધી ભરતીથી નિમણૂંક પામેલ છે. તેઓની નિમણૂંક તારીખથી આજદિન સુધીની સેવામાં કોઇ પણ પ્રકારની બ્રેક પડેલ નથી. જેની રેકર્ડ આધારીત ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :-

કર્મચારીની સહી

આચાર્ય

# છેલ્લા પાંચ વર્ષના પરિણામ અંગેનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ______________________ ______________ ખાતે શિક્ષણ સહાયક તરીકે ______________ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી ________________________ દ્વારા શાળા ખાતે ભણાવવામાં આવતા વિષયોનું છેલ્લા પાંચ વર્ષનું પરિણામ નીચે મુજબ છે. જેની રેકર્ડ આધારીત ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ધોરણ | વિષય | કુલ વિદ્યાર્થી | પરીક્ષામાં બેસેલ વિદ્યાર્થીઓ | પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓ | વિષયનું પરિણામ | શાળાનું કુલ પરિણામ | બોર્ડનું કુલ પરિણામ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :-

કર્મચારીની સહી

આચાર્ય

# <u>તમામ પ્રમાણપત્રોની ખરાઇ કર્યા અંગેનું પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ______________________
______________ ખાતે શિક્ષણ સહાયક તરીકે ______________ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી ______________________ દ્વાર રજુ કરેલ લાયકાત સહીતના તમામ પ્રમાણપત્રોની અત્રેની શાળા દ્વારા પ્રમાણપત્ર ઇશ્યું કરનાર સંસ્થા પાસે ખરાઇ કરાવવામાં અવેલ છે. ખરાઇના અંતે ઉમેદવાર દ્વારા રજુ કરેલ તમામ પ્રમાણપત્રો યોગ્ય હોવાનું માલુમ પડેલ છે. જેની રેકર્ડ આધારીત ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :-

આચાર્ય

# <u>કામગીરી મુલ્યાંકન અહેવાલ અંગેનું પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ______________________________
______________________ ખાતે શિક્ષણ સહાયક તરીકે ____________________ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી __________________________________ ના નિમણૂંક તારીખથી ફીક્સ પગારમાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા તારીખ સુધીના તમામ સમયગાળાના કામગીરી મુલ્યાંકન અહેવાલ નિયમાનુસાર યોગ્ય છે તેમજ ઉપરોક્ત તમામ સમયગાળાના એકપણ કામગીરી મુલ્યાંકન અહેવાલમાં કોઇ વિરુધ્ધ નોંધ કરવામાં આવેલ નથી કે આ બાબતે કોઇ નોટીસ આપવામાં આવેલ નથી. જેની રેકર્ડ આધારીત ખરાઇ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

તારીખ :- ____/____/૨૦____

સ્થળ :-

આચાર્ય

ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો,
૨૦૦૨ના નિયમ-૬૯ (માતૃત્વ રજા)
માં સુધારા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃપશન/૧૦૨૦૧૪/એમ-૧/પી(પેન્શન સેલ)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૪-૦૯-૨૦૨૨

વંચાણે લીધાઃ

(૧) ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨નો નિયમ-૬૯
(૨) નાણા વિભાગના તા.૧૩.૧૧.૨૦૧૪ના જાહેરનામા ક્ર:પશન/૧૦૨૦૧૪/એમ-૧/પી

આમુખ :

વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમ-૬૯ અને વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના નાણા વિભાગના તા.૧૩.૧૧.૨૦૧૪ ના જાહેરનામાથી મહિલા સરકારી કર્મચારીઓને દિન-૧૮૦ની માતૃત્વ રજાઓ મળવાપાત્ર થાય છે. આ નિયમ મુજબ મહિલા સરકારી કર્મચારીઓને નોકરીમાં જોડાયા તારીખથી પ્રથમ વર્ષ સુધીના સમયગાળા દરમિયાન માતૃત્વ રજાઓ મળવાપાત્ર થતી નથી. જ્યારે એક વર્ષથી વધુ પરંતુ બે વર્ષથી ઓછી સળંગ નોકરી દરમિયાન તેણીના છેલ્લા પગારના અડધા પગારના દરે અને બે વર્ષથી વધુ સળંગ નોકરીના કિસ્સામાં છેલ્લા પગારના દરે માતૃત્વ રજાઓ મળવાપાત્ર થાય છે. જે મહિલાઓએ નોકરીમાં જોડાયા તારીખથી એક વર્ષના સમયગાળા દરમિયાન માતૃત્વના કારણોસર અસાધારણ/બિનપગારી રજાઓ ભોગવેલ હોય તે કિસ્સામાં તેણીનો તેટલો અજમાયશી/કરારીય સમયગાળો લંબાવવામાં આવે છે.

રાજ્યના વિવિધ કર્મચારી સંગઠનોએ સરકારી મહિલા કર્મચારીઓને નોકરીમાં જોડાયા તારીખથી પુરા પગારની માતૃત્વ રજાનો લાભ આપવા રજૂઆતો કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે બે કે તેથી વધુ જીવિત બાળકો ધરાવતા ન હોય તેવા કાયમી તેમજ હંગામી નોકરી પરના મહિલા સરકારી કર્મચારીને નોકરીમાં જોડાયા બાદથી જ, તેણી જે તારીખથી માતૃત્વ રજા પર જાય તે તારીખથી એકસો એંસી દિવસના સમયગાળાની માતૃત્વ રજા મળવાપાત્ર થશે તેવુ ઠરાવવામાં આવે છે. આવી માતૃત્વ રજા તેણીના રજાના હિસાબમાં ઉધારવામાં આવશે નહી. તેણીને મળવાપાત્ર રજાનો પગાર, તેને રજા પર જતા તરત પહેલા જે પગાર મળતો હોય તેની બરાબર રહેશે.

નાણા વિભાગના તા.૧૬.૦૨.૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪.૦૬.૨૦૦૯ ના ઠરાવોની શરતોને આધિન કરાર આધારિત ફિક્સ પગારે નિમણૂક પામેલ મહિલા સરકારી કર્મચારીને નોકરીમાં જોડાયા બાદથી માતૃત્વ રજાઓ મંજૂર કરવાથી રજાના સમય દરમિયાન તેણીની કામગીરીનું મૂલ્યાંકન થઇ શકતું ન હોવાથી, સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ આવા મહિલા સરકારી કર્મચારીના કરારીય સમયગાળાનું મૂલ્યાંકન કરતી વખતે તેણીએ ભોગવેલ માતૃત્વ રજા જેટલા સમયને કરારીય સમયગાળામાં ઉમેરીને કામગીરી મૂલ્યાંકન પૂર્ણ કરવાનું રહેશે પરંતુ કરારીય સેવા સંતોષકારક રીતે પૂર્ણ થયેથી માતૃત્વ રજાનો સમયગાળો ધ્યાને લીધા સિવાય નિયમિત નિમણૂકના આદેશો કરવાના રહેશે.

કાયમી મહેકમ પર ન હોય પરંતુ અજમાયશી ધોરણે નિમણૂક પામેલ મહિલા સરકારી કર્મચારી/અધિકારીને નોકરીમાં જોડાયા બાદથી માતૃત્વ રજાઓ મંજૂર કરવાથી રજાના સમય દરમિયાન તેણીની કામગીરીનું મૂલ્યાંકન થઇ શકતું ન હોવાથી, સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ આવા મહિલા સરકારી કર્મચારી/અધિકારીના અજમાયશી સમયગાળાનું મૂલ્યાંકન કરતી વખતે તેણીએ ભોગવેલ માતૃત્વ રજા જેટલા સમયને અજમાયશી સમયગાળામાં ઉમેરીને કામગીરી મૂલ્યાંકન પૂર્ણ કરવાનું રહેશે પરંતુ અજમાયશી સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી માતૃત્વ રજાનો સમયગાળો ધ્યાને લીધા સિવાય નિયમિત નિમણૂકના આદેશો કરવાના રહેશે.

આ ઠરાવનો અમલ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી કરવાનો રહેશે. વધુમાં, આ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખે જે મહિલા સરકારી કર્મચારી/અધિકારીઓ માતૃત્વ રજા પર હોય તેઓને પણ આ ઠરાવનો લાભ મળવાપાત્ર થશે.

ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમ-૬૯માં ઉકત સુધારા હવે પછી જાહેરનામા દ્વારા આમેજ કરવામાં આવશે. માતૃત્વ રજાને લગતી અન્ય તમામ સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(દિપલ હડીયલ)
નાયબ સચિવ
નાણા વિભાગ

નકલ રવાના:-

- માન. રાજયપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીના વડાઓ,

બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને પ્રસૂતિ રજા મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૩/૧૭૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૧૦/૨૦૨૨.

**વંચાણે લીધા:-**

(૧)શિક્ષણ વિભાગનો તા.૨૧/03/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૩/૧૭૪/ગ.

(૨)નાણા વિભાગનો તા.૨૪/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: પશન/૧૦૨૦૧૪/એમ-૧/પી(પેન્શન સેલ).

**આમુખ:-**

શિક્ષણ વિભાગના તા.૨૧/03/૨૦૧૭ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો તથા સાથી સહાયકો તરીકે માન્ય ભરતી પદ્ધતિ દ્વારા ફિક્સ પગારથી નિમણૂંક પામેલ મહિલા કર્મચારીઓ તેમજ નિયમિત શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને તા.૧૩/૧૧/૨૦૧૪ના નાણા વિભાગના જાહેરનામા મુજબની તારીખ એટલે કે તા.૦૧/૧૦/૨૦૧૪ થી ૧૮૦ દિવસની પ્રસૂતિ રજાનો લાભ આપવામાં આવેલ છે. બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ,૧૯૭૪ની જોગવાઈઓ મુજબ પ્રસૂતિ રજા મળવાપાત્ર થાય છે. આ વિનિયમના વિનિયમ ક્રમાંક-30(૬)(ક)માં થયેલ જોગવાઈ મુજબ જે મહિલા કર્મચારીએ એક વર્ષ કરતા વધારે નોકરી કરી હોય અને જેને એક કરતાં વધારે બાળક હયાત ન હોય તેવી મહિલા કર્મચારીને ૧૮૦ દિવસની પ્રસૂતિ રજા આપવાની જોગવાઈ થયેલ છે. વિનિયમ ક્રમાંક-30(૬)(ખ) મુજબ પ્રસૂતિ રજાના આરંભ પહેલા જે મહિલા કર્મચારીએ બે વર્ષ કરતાં ઓછી નોકરી કરી હોય, તેને આવી રજા અર્ધા પગારે અને 30(૬)(ગ) મુજબ બે વર્ષની અથવા બે કરતાં વધારે વર્ષની નોકરી કરી હોય તેને પૂરા પગારે પ્રસૂતિ રજા મળવાપાત્ર થાય છે. નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૨૪/૦૯/૨૦૨૨ના ઠરાવથી બે કે તેથી વધુ જીવિત બાળકો ધરાવતા ન હોય તેવા કાયમી તેમજ હંગામી નોકરી પરના મહિલા સરકારી કર્મચારીને નોકરીમાં જોડાયા બાદથી જ, તેણી જે તારીખથી માતૃત્વ રજા પર જાય તે તારીખથી એકસો એંસી દિવસના સમયગાળાની માતૃત્વ રજા મળવાપાત્ર થવાનું ઠરાવેલ છે તથા આવી માતૃત્વ રજા તેણીના રજાના હિસાબમાં ઉધારવામાં આવશે નહિ અને તેણીને મળવાપાત્ર રજાનો પગાર, તેને રજા પર જતા તરત પહેલા જે પગાર મળતો હોય તની બરાબર રહેશે તેવી જોગવાઈ થયેલ છે. નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૨૪/૦૯/૨૦૨૨ના ઠરાવની જોગવાઈઓ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મહિલા કર્મચારીઓને લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.



Scanned with OKEN Scanner

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ(ફિક્સ પગાર અને નિયમિત નિમણૂંક)ને પ્રસ્તુત ઠરાવના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના ઠરાવની જોગવાઈઓ લાગુ પાડવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ,૧૯૭૪માં જરૂરી સુધારો કરવાની કાર્યવાહી છ શાખાએ સત્વરે કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૫/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.ટી.બાધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ.૧/ગ.૨/છ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.



Scanned with OKEN Scanner